# સફીરા
# ફાધર વર્ગીસ પોલ, એસ.જે.

હિબ્રુ ભાષામાં સફીરા નામ એટલે માણેક કે સફારી. સફીરા, સફીરા, એક સ્ત્રી હતી. તે જુઠ્ઠુ બોલવાથી સંત પીતારના પગ આગળ પટકાઈ પડી અને તરત જ મરી ગઈ. આપણને પ્રેષિતોનાં ચરિતોના પાંચમાં અધ્યાયમાં આ ઘટનાનું વર્ણન મળે છે. પરંતુ આખી ઘટનાની સંપૂર્ણ સંડોવણી સમજવા માટે આપણે ચોથા અધ્યાયમાં જવું પડશે. ચોથો અધ્યાયમાં બીજી વસ્તુઓની વાત સાથે વિશ્વાસીઓ એકમેન અને એકજીવ બની ગયાની વાત છે. લખાણ જણાવે છે.

આમ, વિશ્વાસીઓનો સંઘ એકમન અને એકજીવ બની ગયો. તેઓમાંનો એક પણ માણસ પોતાની કોઈ પણ વસ્તુને પોતાની આગવી ગણાવતો નહોતો, પણ બધું બધાનું સહિયારું હતું.

પ્રેષિતો ભારે સામ્થર્યપૂર્વક ઈસુના પુનર્જીવનની સાક્ષી પૂરતા હતે, અને એ બધા ઉપર લોકોની ખૂબ પ્રીતિ હતી.

સંઘમાં કોઈને કશાની ખોટ નહોતી, કારણ, જેમની જેમની પાસે જમીન કે ઘર હતાં તે વેચીને તેની ઊપજ પ્રેષિતોને ચરણે ધરી દેતા હતા, અને પછી દરેકને તેની જરૂર પ્રમાણે વહેંચી આપવામાં આવતી હતી (પ્રે.ચ., ૪, ૩૨-૩૫).

પ્રેષિતોનાં ચરિતો ના ગ્રંથમાં આગળ યોસેફનું નક્કર ઉદાહરણ આપવામાં આવ્યું છે. લખાણ કહે છે :

આમ યોસેફ, જેનું ઉપનામ પ્રેષિતોએ બાર્નાબાસ (એટલે કે આશ્વાસન આપનાર) એવું પાડયું હતું, અને જે સાયપ્રસમાં જન્મેલો પુરોહિતસહાયક હતો, તેણે પોતાની માલિકીના જમીન વેચી નાખી અને જે પૈસા ઊપજ્યા તે લાવીને પ્રેષિતોને ચરણે ધરી દીધા (પ્રે.ચ. ૪, ૩૬-૩૭).

પ્રથમ ખ્રિસ્તીની વાત આપણને કહે છે કે પોતાની ઈચ્છાથી પ્રથમ ખ્રિસ્તી સમાજમાં બધી વસ્તુઓ સહિયારી ગણતા હતા અને જરૂર પ્રમાણે ભાગીદારીસાથીદારી કરતાં હતાં. એ એક પ્રકારનો પ્રભુ કેન્દ્રિત ખ્રિસ્તી સામ્યવાદ હતો. દરેક ખ્રિસ્તીને પોતાની જરૂરિયાત મુજબ મળી રહેતું હતું અને કોઈ માણસ વેચીને આખી રકમ બધાની જરૂરિયાત માટે શિષ્યોને આપતો હતો. પરંતુ કોઈને પોતાની મિલકત સમાજ માટે વેચવાની કે લાવવાની ફરજ પાડવામાં આવતી નહોતી. માટે તે જબરજસ્તીનો કે ફરજિયાતપણાનો સામ્યવાદ નહોતો. ખ્રિસ્તીઓ ઈશ્વરના આત્માથી પ્રિરત થઈને સમાજ માટે એકઠું કરતા હતા.

આ સંદર્ભમાં સફીરા અને તેનો પતિ અનાનીયાસ ખ્રિસ્તી સમાજ માટે કંઈક કરવા માટે ઉત્સુક બન્યાં. પ્રથમ ખ્રિસ્તી સમાજના સભ્યો તરીકે બીજાની સાથીદારીભાગીદારીનો તેમને લાભ મળ્યો હતો. એટલે તેઓએ પણ પોતાની મિલકત વેચવા માટે અંદરોઅંદર ચર્ચા અને સહમત થયા હોવા જોઈએ.

તેમની મિલકત વેચ્યા પછી તેમને મળેલાં નાણાંની મોટી રકમથી તેમણે લોભ પામ્યો. તેથી તેઓએ પારસ્પરિક સમજણથી નક્કી કર્યું કે તેઓને પોતાની મિલકત વેચીને મળેલા નાણાંમાંથી અમુક ભાગ પોતાની પાસે રાખીને બાકીનો ભાગ શિષ્યોને આપવો.

પરંતુ જ્યારે હનનિયાએ પ્રેષિતોને નાણાં આપ્યાં ત્યારે ઈશ્વરનો આત્મા છેતરાયો નહોતો. પ્રેષિત પીતરે અંતરજ્ઞાનથી હનનિયા અને સફીરા સાથે તેમની છેતરપીંડી અંગે તેમની પૂછપરછ કરી. બાઈબલે આ આખી વાત નોંધી છે.

પણ હનનિયા નામે બીજો એક માણસ હતો, તેણે તેની પત્ની સફીરાની સંમતિ લઈને અમુક મિલકત વેચી નાખી; અને તેની જે કિંમત ઊપજી તેમાંથી થોડો ભાગ પોતાની પત્નીને જણાવીને રાખી મૂક્યો અને બાકીનો લાવીને પ્રેષિતોને ચરણે ધરી દીધો. પણ પીતરે તેને કહ્યું, હનનિયા, તારામાં એવો તે કેવો સેતાન ભરાયો કે તું પવિત્ર આત્માની આગળ જૂઠું બોલ્યો અને જમીનની કિંમતનો થોડો ભાગ તે રાખી લીધો ? એ હતી ત્યારે તારી જ નહોતી ? અને વેચ્યા પછી પણ શું કરવું એ તારા હાથની વાત નહોતી ? તને આવું કરવાનું કેમ સૂઝયું ? તું માણસો આગળ નહિ પણ ઈશ્વર આગળ જૂઠું બોલ્યો છે.

આ શબ્દો સાંભળતાં જ હનનિયા જમીન પર પટકાઈ પડયો અને તેના પ્રાણ ઊડી ગયા. અને જેણે જેણે આ સાંભળ્યું તે સૌ ભયભીત થઈ ગયા. જુવાનિયાઓએ આવી તેના શબને વીંટી બહાર લઈ જઈને દાટી દીધું (પ્રે. ચ. ૫, ૧-૬).

હનનિયાનો સામનો કરી એમનું જુઠાણ પુરવાર કર્યા પછી ત્રણેક કલાક બાદ એમની પત્ની સફીરા પીતર પાસે અંદર આવી. તેમને ખબર નહોતી કે હનનિયાને શું થયું હતું. પ્રેષિતોનાં ચરિત પછીની વાતનું વર્ણન કરતાં કહે છે :

ત્રણેક કલાક વીતી ગયા પછી તેની પત્ની અંદર આવી, શું બની ગયું છે તેની એને ખબર જ નહોતી. પીતરે પૂછયું, બોલ, તમે જમીન આટલામાં વેચી હતી ?

હા, એટલામાં વેચી હતી, તે બોલી.

ત્યારે પીતર કહ્યું, તમે બંને પ્રભુના આત્મીના આવી કસોટી કરવા કેમ એક થયાં? સાંભળ. તારા ધણીને

દફનાવનારાઓનાં પગલાં બારણે સંભળાય છે, અને તેઓ તને પણ લઈ જશે.

તે જ ક્ષણે તે પીતરના પગ આગળ પટકાઈ પડી, અને તેનો પ્રાણ ઊડી ગયો. જ્યારે જુવાનિયાઓ અંદર આવ્યા, ત્યારે તેમણે તેને મરેલી જોઈ અને તેઓએ તેને લઈ જઈને તેના ધણી પાસે દાટી દીધી (પ્રે.ચ. ૫, ૭-૧૦).

પીતરે બંને સફીરા અને એમના પતિ હનનિયા આગળ ચોખવટ કરી હતી તેમ, કોઈ કાયદાકાનૂનથી કે કોઈના દબાણથી પણ તેમની જમીન વેચી નાખવા કે જમીનના વેચાણમાંથી મળેલી કિંમત સંઘને કે પ્રેષિતોને આપવા બંધાયેલાં નહોતા.

છતાં તેમણે પોતાની જમીન વેચીને એની બધી કિંમતની પૂરી રકમ પ્રેષિતોને સંઘના ઉપયોગ માટે આપવાનો દેખાવ કરવાનો મોટો અપરાધ કર્યો ! પણ હકીક્તમાં સફીરા અને હનનિયાએ અરસપરસની સમજૂતિથી જમીન વેચવાથી મળેલી પૂરી રકમનો અમુક ભાગ પોતાની પાસે રાખી મૂક્યો હતો. પણ પોતાના પતિની જેમ સફીરા પણ જમીનની કિંમતોનાં બધાં નાણાં સંઘને આપવાનું જૂઠું પીતર આગળ બોલી.

અંગ્રેજીમાં બાઈબલનાં બધાં સ્ત્રીપાત્રો નું પુસ્તક લખનાર લેખક હેરબર્ટ લેકિયર કહે છે તેમ, ઈશ્વરને અને પૈસાને અકી સાથે સેવવાનો તેમને પ્રયત્ન હતો. તેમનું મન બંને તરફ ખેંચાયું. એટલે તેમનું હૃદય ઈશ્વર અને દુનિયા વચ્ચે વહેંચાઈ ગયાં.

પ્રેષિત પીતર બંનેને ગુનેગાર ઠરાવવામાં સ્પષ્ટ છે. તેમણે હનનિયાએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, તું પવિત્ર આત્માની આગળ જૂઠું બોલ્યો (પ્રે.ચ. ૫,૪). એ જ રીતે પીતરે સફીરાને પણ સાફ શબ્દોમાં સંભળાવ્યું, તમે બંને પ્રભુના આત્માની આવી કસોટી કરવા કેમ એક થયાં? (પ્રે.ચ. ૫,૯). પ્રેષિત પીતરનો તાબડતોબનો કડક ચુકાદો અને એને પરિણામે થયેલું યુગલનું મૃત્યું પ્રથમ ખ્રિસ્તી સંઘને ઊંડાણથી સ્પર્શી ગયું હશે. એટલે જ પ્રેષિતોનાં ચરિતો કહે છે, આખા ધર્મસંઘમાં અને જેમણે જેમણે આ બધું સાંભળ્યું તે સૌમાં ભય વ્યાપી ગયો (પ્રે.ચ. ૫, ૧૧).

ઉપર જણાવેલ પુસ્તકમાં લોકિયેર કહે છે તેમ, અહીં પ્રથમ ખ્રિસ્તી ધર્મસંઘના સૌ સભ્યોને અને આપણને પણ એક પાઠ શીખવાનો મળ્યો છે કે, લાલચ, છેતરપિંડી, દગો, જૂઠાણુ તથા ખોટા દેખાવ સામે સાવચેત રહેવાની જરૂર છે. ધર્મસંઘમાં લોકોનું આદરમાન નાણાંથી ખરીદી શકાય નહિ.